# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા મહિલા સશકિતકરણ શિબિર યોજાઇ

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના અંતર્ગત **તા.**૫-૮-૧૭ ના રોજ પંચમહાલ જિલ્લાની મહિલા સશકિતકરણ શિબિર આયોજીત કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ડૉ.એમ.બી.પટેલ, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર આ.કૃ.યુ. ગોધરા,શ્રીમતી ગીતાબેન ઇનામદાર, તાલીમ અધિકારી(મહિલા),ખેડુત તાલીમ કેન્દ્ર ગોધરા,ડૉ.શીતલબેન આઇ.દલવાડી,આયુષ મેડિકલ ઓફીસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, છારીયા અને શેફાલીબેન કે મોદી, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા એ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ  શિબિરમાં ૧૨૦ મહિલાઓ હાજર રહેલ હતી.

આ કાર્યક્રમમાં ડૉ.એમ.બી.પટેલ એ સામાજિક દુષણો અને બેટી બચાવો ઉપર ભાર આપી મહિલા સશકિતકરણની અગત્યતા સમજાવી હતી. શ્રીમતી ગીતાબેન ઇનામદાર એ કૃષિમાં મહિલાઓનુ યોગદાન વિષે માહિતી આપેલ હતી. શીતલબેન એ મહિલાઓના સ્વસ્થ આરોગ્ય દ્વારા સશકિતકરણ વિષે માહિતી આપેલ હતી. શેફાલીબેન કે. મોદીએ જમીનના સ્વાસ્થયની કૃષિમાં અગત્યતા વિષે માહિતી આપેલ હતી પ્રો.કે.એચ.પટેલ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) એ મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ વિષે માહિતી આપેલ હતી. ડૉ. બી.એન.ઠક્કરએ મકાઇમાં ક્ષેત્રિય નિદર્શનોથી થતા ફાયદા વિષે માહિતી આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મકાઇ સંશોધન કેન્દ્રના ડૉ.બી.એન.ઠક્કર અને ડી.એમ.રાઠોડ એ કરેલ હતુ.


